All PDF Collection
PDF Seva

# યોગેશ્વર ભગવાનની આરતી

દુઃખહર્તા ભયત્રાતા , આનંદના દાતા , પ્રભુ !
આવ્યો છું તવ દ્વારે ( ૨ ) કરુણા કરનારા ;
જય યોગેશ્વર ભગવાન !

તું છે પરમ કૃપાળુ , મંગળ કરનારા , પ્રભુ !
ભટકી ભટકી આવ્યો ( ૨ ) શરણે હું તારા ;
જય યોગેશ્વર ભગવાન !

બુદ્ધિમંદ ઘણો છું ( ને વળી ) , શૂન્ય કર્મ મારાં , પ્રભુ !
ભાવતણો હું ભિખારી ( ૨ ) મા સમ તું દાતા ;
જય યોગેશ્વર ભગવાન !

દોડું વિશ્વમહીં તવ કાજે , શક્તિના દાતા , પ્રભુ !
થાક્યા પ્રાણ વિશે પણ ( ૨ ) ચેતન ભરનારા ;
જય યોગેશ્વર ભગવાન !

વિશ્વે તુજ સંતાનો સઘળાં , ભૂલી ફરે તુજને , પ્રભુ !
ભાવ - ભતિ દે સૌને ( ૨ ) લાવું તવ ચરણે ;
જય યોગેશ્વર ભગવાન !

© www.PDFSeva.Net